# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-04-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કૃપાલી મહિચ્છા** વાંચે છે.

---

## સ્થાનિક સ્વરાજ્ય ચુંટણી:

રાજ્યમાં આગામી **26** તારીખે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં **730** બેઠક બિનહરીફ જાહેર થઈ છે. **15** મહાનગરપાલિકામાં **43** બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ થયા છે. જ્યારે નગરપાલિકામાં **370** બેઠક પર ભાજપ,**12** બેઠક પર કૉંગ્રેસ અને ત્રણ બેઠક પર અપક્ષ ઉમેદવાર બિનહરીફ થયા. તો, જિલ્લા પંચાયતમાં બિનહરીફ થયેલી **51** બેઠક ભાજપના ફાળે આવી છે. ઉપરાંત તાલુકા પંચાયતમાં તમામ **251** બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થયા છે

---------------------------------------------------------------------------------------

## રાજ્ય ચુંટણી આયોગ કોન્ફરન્સ:

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગઈકાલે તમામ જિલ્લાના કલેક્ટર્સ સાથે વીડિયો કૉન્ફરન્સ યોજાઈ હતી. તેમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી દરમિયાન ચાલી રહેલી પ્રક્રિયા અને ફરિયાદ અંગેની સમીક્ષા કરવામાં આવી. આ બેઠકમાં મુખ્ય ચૂંટણી કમિશનર ડૉક્ટર એસ. મુરલીકૃષ્ણન, ગૃહ સચિવ સહિતના અધિકારીઓ, જિલ્લા ચૂંટણી, નાયબ ચૂંટણી અધિકારી તથા પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## R.T.E. મુદત વધારો:

શૈક્ષણિક વર્ષ 2026-27માં ભણવાના અધિકાર – R.T.E. હેઠળ શાળાઓમાં પ્રવેશ માટે ઑનલાઈન અરજી ભરવાની છેલ્લી તારીખ લંબાવીને 23 ઍપ્રિલ કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, અગાઉ ગઈકાલે 17 એપ્રિલે અરજી કરવાની છેલ્લી તારીખ હતી, પરંતુ હવે આગામી 23 તારીખ સુધી વેબપોર્ટલ પર RTE પ્રવેશ માટે ઑનલાઈન અરજી કરી શકાશે.

---

## હવામાન:

રાજ્યમાં આવતીકાલ તારીખ 19 એપ્રિલ સુધી ગરમી યથાવત્ રહી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું, ઉત્તર-પશ્ચિમ રાજસ્થાનથી દક્ષિણ-પશ્ચિમ મધ્યપ્રદેશ સુધી હવાનું ઓછું દબાણ ધરાવતી એક રેખા પસાર થઈ રહી છે. તેના કારણે આગામી દિવસોમાં હવામાનમાં ફેરફાર થવાની સંભાવના છે. દરમિયાન આવતીકાલ તારીખ 19 એપ્રિલ થી 21 એપ્રિલ વચ્ચે સૌરાષ્ટ્ર-કચ્છ અને રાજ્યના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદની પણ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે.

---

## આઈ.પી.એલ ક્રિકેટ:

આઈ.પી.એલની 25મી મેચમાં ગુજરાત ટાઇટન્સની ટીમે કોલકાતા નાઇટ રાઇડર્સની ટીમને 5 વિકેટે હરાવી ત્રીજી સફળતા મેળવી છે, એ સાથે પાંચમાંથી ત્રણ મેચ જીતી પોઇન્ટ ટેબલમાં ચોથું સ્થાન મેળવ્યું છે. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં કોલકતાની ટીમના 180 રનના જવાબમાં ગુજરાતની ટીમે પાંચ વિકેટ ગુમાવી જીત મેળવી હતી. સુકાની શુભમન ગિલે સૌથી વધુ 86 રન કર્યા હતા. એ અગાઉ કોલકતાની ટીમે 180 રન કર્યા હતા. જેમાં કેમરૂન ગ્રીનના સૌથી વધુ 79 રન હતા. ગુજરાતની ટીમના રબાડાએ ત્રણ વિકેટ ઝડપી હતી.

---

## મહિલા અનામત બિલ:

લોકસભામાં મહિલા અનામત બિલ સંબંધિત ત્રણ બંધારણીય સુધારા બિલ પસાર કરવામાં 21 કલાકની ચર્ચા પછી બંધારણીય સુધારા બિલ પર પહેલા મતદાન થયું હતુ.

બંધારણ (131મો) સુધારા બિલ, 2026. જેમાં બેઠકોની સંખ્યા 850 સુધી વધારવાની જોગવાઈ હતી, તેના પક્ષમાં 298 મત અને વિરોધમાં 230 મત મળ્યા. લોકસભામાં 528 સાંસદોએ મતદાન કર્યું.

બિલ પસાર કરવા માટે બે તૃતીયાંશ બહુમતી જરૂરી હતી. 528 માંથી બે તૃતીયાંશ મત 352 થાય છે. પરિણામે બિલ 54 મતોથી પસાર થઈ શક્યું નહીં.

ત્યારબાદ સરકારે બાકીના બે બિલ - બંધારણ બિલ 2026 માં સીમાંકન સુધારો અને કેન્દ્રશાસિત પ્રદેશો કાયદા (સુધારા) બિલ 2026 પર મતદાન કરવાનો ઇનકાર કર્યો.

---

## અક્ષય તૃતીયા-બાળ લગ્ન:

અક્ષય તૃતીયા-અખાત્રીજે મોટા પ્રમાણમાં થતાં લગ્નો તેમજ સમૂહલગ્નો પૈકી બાળલગ્ન થતાં અટકાવવા અને લગ્ન પૂર્વે જ વર-કન્યાની ઉંમરની ચકાસણી કરવા તંત્ર દ્વારા અનુરોધ કરાયો છે. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-2006 મુજબ 21 વર્ષથી નીચેનો યુવક અને 18 વર્ષથી નીચેની યુવતીનાં લગ્ન કરવાં, કરાવવાં કે આવાં લગ્ન કરવામાં મદદગારી કરવી એ ફોજદારી ગુનો બને છે. જો કોઈ બાળલગ્નો થતાં હોય તો તેની જાણ નજીકના પોલીસ સ્ટેશને અથવા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, ભુજ અથવા જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, ભુજને જાણ કરવા અનુરોધ કરાયો છે.

---